# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

# દિવ્યાંગ વિદ્યાર્થીઓને દિવ્યાંગજન અધિકાર અધિનિયમ -૨૦૧૬ ની જોગવાઈ અનુસાર વિશેષ સવલતો આપવા બાબત

# દિવ્યાંગ વિદ્યાર્થીઓને દિવ્યાંગજન અધિકાર અધિનિયમ-૨૦૧૬ ની જોગવાઈ અનુસાર વિશેષ સવલતો આપવા બાબત.

- ધોરણ-૯ થી ૧૨ ના દિવ્યાંગ વિદ્યાર્થીઓને 'દિવ્યાંગ અધિકાર અધિનિયમ -૨૦૧૬ (૨૦૧૬નો ૪૯)ની જોગવાઈ' અનુસાર દિવ્યાંગ વિદ્યાર્થી સક્ષમ સત્તાધિકારીનું દિવ્યાંગતાનું પ્રમાણપત્ર રજૂ કરે તો દિવ્યાંગ વિદ્યાર્થીની જરૂરિયાત અને વાજબીપણા મુજબ વિશેષ સવલતો આપવા અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે.

# વિષય પસંદગીમાં છૂટછાટ

- દિવ્યાંગ વિદ્યાર્થીઓની દિવ્યાંગતા અનુસાર અને આવશ્યકતા મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની લેખિત પરીક્ષામાં વિષય પસંદગીની વિષય/વિષયોમાં મુક્તિ અને છૂટછાટ મળવાપાત્ર છે.
- શ્રવણક્ષતિ, વાકક્ષતિ, બધિરાંધ, સ્પેસીફીક લર્નિંગ દિવ્યાંગતા **(Dyslexia, Dysgraphia, Dyscalculia, Dyspraxia and Developmental aphasia),** બહુવિકલાંગતા, તીવ્ર શ્રવણક્ષતિ ધરાવતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને માત્ર પ્રથમભાષા (માતૃભાષા) એટલે કે ઉચ્ચસ્તરીય ભાષા સિવાયની ભાષાઓમાંથી મુક્તિ આપવામાં આવે છે પરંતુ ધો-૧૦માં કુલ ૭ (સાત) વિષયો ફરજીયાત લેવાના હોય છે. જે માટે જૂથ-૨ માંથી એક કરતાં વધુ વિષયો પસંદ કરી શકે છે.

જેમ કે,

❖ જૂથ-૧ :- ફરજીયાત વિષયોમાંથી કોઈ એક ભાષા પસંદ કરવાની રહેશે. (ઉદા. તરીકે ગુજરાતી)

નીચેના ત્રણ વિષયો ફરજીયાત પસંદ કરવાના રહેશે.

- વિજ્ઞાન અને ટેકનોલોજી
- ગણિત
- સામાજિક વિજ્ઞાન

જૂથ-૨ :- મરજિયાત વિષયોમાંથી કોઈ એકને બદલે ત્રણ વિષયો પસંદ કરી શકાશે. (ઉદા. ચિત્રકલા, ગૃહવિજ્ઞાન, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ)

- સંપૂર્ણ દ્રષ્ટિહીન, અલ્પદ્રષ્ટિ, બધિરાંધ, માનસિક દિવ્યાંગ **(M.R),** સ્પેસીફીક લર્નિંગ દિવ્યાંગતા **(Dyslexia, Dysgraphia, Dyscalculia, Dyspraxia and Developmental aphasia)** ધરાવતા દિવ્યાંગ વિદ્યાર્થીઓ ધોરણ-૧૦માં ગણિત વિષયમાં મુક્તિ રાખવા ઇચ્છે તો રાખી શકે છે. અને જૂથ-૨ મરજીયાત વિષયોમાંથી એકને બદલે વધુ વિષયો પસંદ કરી શકશે. પરંતુ ધો-૧૦માં કુલ-૭ (સાત) વિષયો ફરજીયાત લેવાના રહે છે.
- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની જાહેર લેખિત પરીક્ષામાં દ્રષ્ટિહીન, બધિરાંધ, અને અલ્પદ્રષ્ટિ ધરાવતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને આકૃતિ, નકશા અને ગ્રાફ દોરવાના હોય તેવા પ્રશ્નોમાં અન્ય વૈકલ્પિક પ્રશ્નો આપવામાં આવે છે. (ઉદા. ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજીકવિજ્ઞાન, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ)

- ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં જૂથ-૩માં દરેક વિદ્યાર્થીઓએ બે વિષય લેવાના થાય છે. જેમાં શ્રવણક્ષતિ, વાકક્ષતિ, બધિરાંધ, બહુવિકલાંગતા, સંપૂર્ણ દ્રષ્ટિહીન, અલ્પદ્રષ્ટિ, મંદબુદ્ધિતા, સ્પેસીફીક લર્નિંગ દિવ્યાંગતા **(Dyslexia, Dysgraphia, Dyscalculia, Dyspraxia and Developmental aphasia)** તીવ્ર શ્રવણક્ષતિ ધરાવતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલી નિવારવાના હેતુથી ધોરણ-૧૨ સામાન્યપ્રવાહમાં ઉપરોક્ત દિવ્યાંગ વિદ્યાર્થીઓને જૂથ-૩ના બે વિષયને બદલે એક વિષય લેવાનો અને જૂથ-૪માં ત્રણને બદલે ચાર વિષયો પસંદ કરવાની છૂટછાટ મળવા પાત્ર છે.

# પરીક્ષા ફી

- ‘દિવ્યાંગજન અધિકાર અધિનિયમ-૨૦૧૬ (૨૦૧૬નો ૪૯)ના પરિશિષ્ટ-૧માં જણાવેલ ૨૧ પ્રકારની દિવ્યાંગતાઓ ધરાવતા વિદ્યાર્થીઓને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ અને ૧૨ની જાહેર પરીક્ષાની ફીમાંથી સંપૂર્ણ માફી આપવામાં આવે છે.

# પરીક્ષા કેન્દ્ર ખાતે કરવાની થતી ભૌતિક સુવિધાઓ

- ધોરણ-૧૦ અને ૧૨ની જાહેર લેખિત પરીક્ષામાં દિવ્યાંગ વિદ્યાર્થીઓના રહેઠાણ થી નજીક હોય તેવા પરીક્ષા કેન્દ્રની ફાળવણી કરવામાં આવે છે. પરીક્ષા કેન્દ્રમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે ગ્રાઉન્ડ ફ્લોર (ભોંયતળિયે )પર બેઠક વ્યવસ્થા
- દિવ્યાંગ પરીક્ષાર્થીને અનુરૂપ ફર્નિચર જેવું કે : બેંચ, ચેર, ડેસ્ક, ટેબલ ઈત્યાદી તેમજ સુગમ્ય શૌચાલય સુવિધાવાળુ કેન્દ્ર હોય તેવી વ્યવસ્થા
- જે- તે જીલ્લામાં ભૌતિક સુવિધા ધરાવતી કાર્યરત વિશિષ્ટ શાળાઓને પણ પરીક્ષા કેન્દ્ર તરીકે રાખી શકાય છે.

# પરીક્ષા સમયમાં વધારો/ છૂટછાટ

- ધોરણ-૯ થી ૧૨ માં શાળા કક્ષાએ તેમજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધોરણ-૧૦ અને ૧૨ની જાહેર પરીક્ષાઓમાં દિવ્યાંગતાને ધ્યાને રાખી ત્રણ કલાકના પ્રશ્નપત્રમાં વધારાનો અડધો કલાક (30 મિનિટ) નો સમય આપવામાં આવે છે.
- સંપૂર્ણ દ્રષ્ટિહીન, અલ્પદ્રષ્ટિ, બધિરાંધ, મંદબુદ્ધિ, બહુદિવ્યાંગતા, ઓટીઝમ, ઠીંગણાપણું, એસીડના હુમલાનો ભોગ બનેલ, શ્રવણક્ષતિ, વાકક્ષતિ, સેરીબ્રલ પલ્સી **(C.P.)**, મસ્ક્યુલર ડિસ્ટ્રોફી, મટી ગયેલો રક્તપિત, સ્પેસીફીક લર્નીંગ ડિસએબીલીટી **(Dyslexia, Dysgraphia, Dyscalculia, Dyspraxia and Developmental aphasia), Thalassemia, 'Perkinson's disease' 'Multiple Sclerosis', Haemophilia,** ધરાવતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને મળી શકશે.

# પરીક્ષા દરમિયાન વિશિષ્ટ શૈક્ષણિક સાધન-સામગ્રીના ઉપયોગની છૂટછાટ

- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ અને ૧૨ની લેખિત જાહેર પરીક્ષામાં વ્યક્તિગત દિવ્યાંગતાને અનુરૂપ જરૂરિયાત મુજબની વિશિષ્ટ શૈક્ષણિક સાધન-સામગ્રી પોતાની જાતે લાવી તેનો ઉપયોગ કરી શકે છે. જેની મંજૂરી દિવ્યાંગ વિદ્યાર્થીઓની જરૂરિયાત અને વ્યાજબીપણા મુજબ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ આપે છે.
- સંપૂર્ણ દ્રષ્ટિહીન, અલ્પ દ્રષ્ટિ, બધિરાંધ, તીવ્ર બહેરાશ, સેરીબ્રલ પાલ્સી **(CP),** બહુવિકલાંગતા, ઓટીઝમ ધરાવતા વિદ્યાર્થીઓ ઈચ્છે તો કોમ્પ્યુટર સ્ક્રીન-રીડર, બ્રેઇલ લિપિ લોડ કરેલું સોફ્ટવેર યુક્ત કોમ્પ્યુટર, એબેકસ,ટ્રેલર ફ્રેમ, બ્રેઇલ ગાણિતિક કંપાસ વાપરી શકે છે.

- ❖ અલ્પ દ્રષ્ટિ ધરાવતા દિવ્યાંગ વિદ્યાર્થીઓ મેગ્નીફાઈંગ ગ્લાસ, ટોકિંગ કેલકયુલેટર, લાર્જ કેલકયુલેટર, લાર્જ કી- બોર્ડ સાથેનું કોમ્પ્યુટર, ઓપ્ટીકલ આસીસ્ટીવ ડીવાઈઝ, લો- વિઝન કિટનો ઉપયોગ કરી શકે છે.
- ❖ ધોરણ-૧૦ અને ૧૨ ની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ પૈકી જુવેનાઈલ ડાયાબીટીસથી પીડાતા વિદ્યાર્થીઓ દ્વારા આરોગ્ય વિભાગના સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવે તો તેની પૂરતી ચકાસણી કર્યા બાદ આવા વિદ્યાર્થીઓને પરીક્ષા દરમ્યાન જરૂરી નાસ્તો તથા દવા સાથે રાખવાની મંજૂરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ આપે છે.

# બ્રેઇલ લિપિમાં પ્રશ્નપત્ર

- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ અને ૧૨ની લેખિત જાહેર પરીક્ષામાં દ્રષ્ટિહીન દિવ્યાંગ વિદ્યાર્થીઓએ બ્રેઇલ લિપિવાળું પ્રશ્નપત્ર જોઈએ છે કે કેમ? તે વિગત પરીક્ષા ફોર્મ ભરતી વખતે નિયત સ્થળે દર્શાવી હશે તો તેવા દ્રષ્ટિહીન દિવ્યાંગ વિદ્યાર્થીઓને બ્રેઇલ લિપિવાળું પ્રશ્નપત્ર આપવામાં આવે છે.

# રીડર/રાઈટર (લહિયા)ની સેવા બાબત


- બોર્ડની ધોરણ-૧૦ અને ૧૨ ની લેખિત જાહેર પરીક્ષામાં દિવ્યાંગ વિદ્યાર્થીઓની જરૂરિયાત અને વ્યાજબીપણા અનુસાર જેમકે સંપૂર્ણ દ્રષ્ટિહીન, અલ્પદ્રષ્ટિ, બધિરાંધ, તીવ્ર બહેરાશ, સેરીબ્રલ પાલ્સી **(CP)**, બહુવિકલાંગતા, ઓટીઝમ, સ્પેસિફિક લર્નિંગ દિવ્યાંગતા, મસ્ક્યુલર ડીસ્ટોફી, તેમજ અસ્થિવિષયક દિવ્યાંગતા, ફ્રેકચરકે સ્નાયુની ઈજા જેવી ગંભીર પ્રકારની બિમારીથી પીડાતા હોય તેવા દિવ્યાંગ વિદ્યાર્થીઓ કોઈ કારણસર લખવા અસમર્થ હોય તેવા વિદ્યાર્થી સક્ષમ સત્તાધિકારીનું દિવ્યાંગતાનું પ્રમાણપત્ર રજૂ કરે તો તેઓને રીડર/ રાઈટર (લહિયા)ની સેવાની મંજૂરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ આપે છે.
- દિવ્યાંગ વિદ્યાર્થીઓને તેનાથી એક ધોરણ નીચેની પોતાની શાળાનો અથવા અન્ય શાળાનો વિદ્યાર્થી લહિયા તરીકે આપી શકાય છે.

# ધોરણ ૧૦/૧૨ ની જાહેર લેખિત પરીક્ષાના મૂલ્યાંકન અંગે.

- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ અને ૧૨ની લેખિત જાહેર પરીક્ષામાં ગંભીર પ્રકારની દિવ્યાંગતા ધરાવતા(સંપૂર્ણ દ્રષ્ટિહીન, અલ્પ દ્રષ્ટિ, બધિરાંધ, તીવ્ર બહેરાશ, સેરીબ્રલ પાલ્સી **(CP)**, બહુવિકલાંગતા, ઓટીઝમ, સ્પેસિફિક લર્નિંગ દિવ્યાંગતા, માનસિક રોગ, શ્રવણક્ષતિ, વાકક્ષતિ અને મંદબુદ્ધિતા ધરાવતા દિવ્યાંગ વિદ્યાર્થીઓ) વિદ્યાર્થીઓને મૂલ્યાંકનમાં અંગ્રેજી/ અન્ય ભાષામાં જોડણીની ભૂલો અને ખોટી વાક્ય રચના હોય તો ક્ષમ્ય ગણવામાં આવે છે. તેમજ ગણિત વિષયમાં સ્ટેપની ભૂલ ગ્રાહ્ય રાખવામાં આવે છે.
- દિવ્યાંગ વિદ્યાર્થીઓની ઉતરવહીનું મૂલ્યાંકન કોઈ એક કેન્દ્ર પર અલગથી કરાવવામાં આવે છે.

# પાસીંગ ધોરણ

- ❖ વિદ્યાર્થી સક્ષમ સત્તાધિકારીનું દિવ્યાંગતાનું પ્રમાણપત્ર રજૂ કરે તો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ અને ૧૨ની જાહેર પરીક્ષામાં ૨૦% ગુણ પ્રાપ્ત કરે પાસ જાહેર કરવામાં આવે છે.
- ❖ આ ૨૦% ગુણનો લાભ ધોરણ-૯ અને ૧૧ના દિવ્યાંગ વિદ્યાર્થીઓને શાળાકીય પરીક્ષામાં પણ આપવામાં આવે છે.



# આભાર